Club Id : 52203

Charter Dt : 02/06/1999

# ROTARY CLUB OF SURAT EAST

**RI YEAR : 2020-2021** અંક : ૦૧ તા.: ૦૧/૦૮/૨૦૨૦

| HOLGER KNAACK | Rtn.PRASHANT JANI | Rtn.JAGDISH VAGHASIA | Rtn.KETAN PATEL | Rtn.AMULAKH SAVANI |
|---|---|---|---|---|
| RI. President | District Governor | Club President | Club Secretary | Editor |

e-bulletin

## અપેક્ષા



**Rtn. Dr.Jagdish Vaghasia**
Club President

મિત્રો આપણું નવું વર્ષ ૧લી જુલાઈથી શરૂ થઈ ગયું છે અને **IPP** રો. કિશોર બલરે કાર્યભાર પણ સોંપી દિધેલ હતો.

મિત્રો આપ સૌએ નવા વર્ષની રોટરીની જવાબદારી મને સોંપી છે એ બદલ હું આપસૌ મિત્રોનો આભારી છું. આપ સૌએ મારા પર જે વિશ્વાસ મુકયો છે તેને ટીમ સાથે રહીને પરીપુર્ણ કરવા માટે પુરતા પ્રયાસો કરીશ. નવું વર્ષ આપણા માટે નવા વિચારો, નવા મિત્રો, નવા ઉમંગો અને ઉત્સાહ લઈને આવ્યું છે, પરંતુ અત્યારે આપ સૌ જાણો છો કે કોરોનાની મહામારીમાં આપણું વર્ષ શરૂ થયુ છે, અને આપણા સભ્યોની નાદુરસ્ત તબીયતને કારણે આપણે આપણું ઈન્સ્ટોલેશન પણ પાછળ ધકેલવું પડયું હતું. તેમજ શરૂઆતના દિવસોમાં આપણે કામ કરી શકયા નથી તે બદલ આપ સૌની ક્ષમાયાચના ચાહું છું, પરંતુ હવે બધા સભ્યો સ્વસ્થ છે જેથી આપણે ઉત્સાહ સાથે આપણે નવું વર્ષ ચાલુ કરીશું.

મિત્રો, આપણી કલબને ૨૧ વર્ષ પુર્ણ થયા અને ૨૨મા વર્ષમાં પ્રવેશી ચુકી છે ત્યારે જેમ કલબ જુની થાય તેમ તેમા સંભ્યોની સંખ્યા પણ વધતી હોય છે અને સાથે સાથે લોકોની અને સમાજની કલબ પ્રત્યે અપેક્ષા પણ વધતી હોય છે. ભુતકાળના તમામ પ્રમુખશ્રીઓએ ખુબ સરસ કામગીરી કરી આપણી કલબને આપણા વિસ્તારમાં માન અને પ્રતિષ્ઠા અપાવી છે. જેને હું આવતા વર્ષ દરમિયાન જાળવી રાખવાનો પ્રયત્ન કરીશ અને આપતા વર્ષ દરમિયાન આપણી કલબ થકી નવી રોટરી કલબ તથા રોટરેકટ કલબ સ્પોન્સર થાય એવા પ્રયત્નો  કરીશ.

આપણી કલબ દ્વારા મનમંદિર સ્ટ્રેસ નિવારણ સેન્ટર ચાલે છે. જેની પ્રવર્તમાન પરિસ્થિતિમાં ખુબ જરૂરીયાત હોય તેવું જણાય છે. તેને કાયમી ધોરણે ચાલુ રહે તે માટે એક હેલ્પલાઈન નંબર આપણે ચાલુ કરેલ અને તેનો છેલ્લા દિવસોમાં જરૂરીયાતમંદ લોકોએ લાભ લીધેલ છે. અને લોકોની સમસ્યાઓનું નિરાકરણ કરેલ છે. આ સેન્ટર આપણા રો.મનહરભાઈ સાંસપરાના અનુદાનથી ચાલી રહયું છે. અને તે સેન્ટરમાં પ્રોજેકટ ચેરમેન રો.ભાવેશભાઈ ગઢીયા, કો-ચેરમેન રો.કિશોરભાઈ બલર પોતાની સેવા આપી રહયા છે.

ફરી એક વખત આપ સૌનો ખુબ ખુબ આભાર...

UNITY BRANDING - 97276 75000



**Rtn. Ketan Patel**
Club Secretary

મિત્રો, નવા વર્ષમાં સેક્રેટરી તરીકે આપ સૌએ મારી નિયુક્તિ કરી છે એ બદલ તમામ રોટેરીયન મિત્રોનો હું હદયપુર્વ ક આભાર માનું છું, અને વર્ષ દરમિયાન આપણો સૌ સાથે મળીને લોકોપયોગી કામો કરીએ અને રોટરીની ઈમેજ સારી બને એવા પ્રયત્નો કરીએ. હું આપ સૌ સમક્ષ **જુલાઈ માસમાં આપણી કલબ દ્વારા થયેલ કાર્યોની ટુંકમાં માહિતી આપું છું,** અને ઓગસ્ટ માસમાં થનારા કાર્યક્રમોની જાહેરાત કરું છું.

| | | |
|---|---|---|
| તા.૨૬/૦૭/૨૦૨૦ | બ્લડ ડોનેશન કેમ્પ | સ્થળઃ લોક સમર્પણ રકતદાન કેન્દ્ર,વરાછા |
| તા.૨૮/૦૭/૨૦૨૦ | ઈન્સ્ટોલેશન સેરેમની | સ્થળઃ ઝુમ મિટીંગ |

## આગામી કાર્યક્રમો (ઓગસ્ટ)

| | | |
|---|---|---|
| તા.૦૨/૦૮/૨૦૨૦ | વૃક્ષારોપણ | સ્થળઃ બંસી ટેસ્ટ ટ્રેક, મોટા વરાછા |
| તા.૦૪/૦૮/૨૦૨૦ | ચાલ જીવી લઈએ (મોટીવેશનલ સેમીનાર) | વકતા : પ.પુ.જ્ઞાન વત્સલદાસ સ્વામી ઝુમ મિટીંગ |
| તા.૧૫/૦૮/૨૦૨૦ | સ્વાતંત્ર પર્વ ઉજવણી | સ્થળઃ વિઝડમ સ્કુલ, કામરેજ |
| તા.૧૯/૦૮/૨૦૨૦ | સ્પીકર મિટીંગ | વકતા : PP. રો.ભાવેશ ગઢીયા |
| તા.૨૨/૦૮/૨૦૨૦ | અન્નપુર્ણા દિવસ | સ્થળઃ સીલ્વર ચોક, વરાછા |
| તા.૨૬/૦૮/૨૦૨૦ | સ્પીકર મિટીંગ | વકતાઃ અશ્વીન દેસાઈ |
| તા.૨૯/૦૮/૨૦૨૦ | સ્પીકર મિટીંગ | વકતા : રો.પરેશ સવાણી |

## જન્મદિન શુભેચ્છા જુલાઈ & ઓગસ્ટ-૨૦૨૦

09/07/2020 રો.મિલનકુમાર દેસાઈ
17/07/2020 રો.કિર્તીકુમાર ખેની
17/07/2020 રો.જગદિશ વઘાસિયા
21/07/2020 રો.શૈલેષ વઘાસિયા

06/08/2020 રો.મહેશ સવાણી
08/08/2020 રો.કિરીટભાઈ વાંકડી
19/08/2020 રો.ભાવેશ ગઢીયા
21/08/2020 રો.કલ્પેશ બલર
25/08/2020 રો.પ્રદિપ આસોદરીયા

''દુઆ છે અમારી ફુલોની જેમ
મહેકે જીંદગી તમારી...
જન્મદિવસની હાર્દિક શુભકામના..

## મેરેજ એનીવર્સરીની શુભેચ્છા-ઓગસ્ટ ૨૦૨૦

02/07/2020 મેઘના-ડો.પરેશ સવાણી
06/07/2020 જયોતિ-ડો.કરશન ગાબાણી

## અભિનંદન

કલબ પ્રેસીડેન્ટ ડો.જગદિશ વઘાસિયા અને પાસ્ટ પ્રેસીડેન્ટ રો.અમુલખ સવાણીએ કોરોનામાંથી સાજા થઈ લોક સમર્પણ બ્લડ બેંક દ્વારા શરૂ થતા પ્લાઝમાં સેન્ટરના શુભ ઉદ્દ્ઘાટન પ્રસંગે બેંકના પ્રથમ પ્લાઝમા ડોનર તરીકે પ્લાઝમાં ડોનેશન કરેલ. ડો.જગદિશ વઘાસિયાએ અગાઉ ૭૪ વખત બ્લડ ડોનેશન કરેલ અને પ્રથમ વખત પ્લાઝમાં ડોનેશન કરેલ તે બદલ કલબ વતી બંને મિત્રોને ખુબ ખુબ અભિનદંન.





**Rtn. Amulakh Savani**
Bulletin Editor

જયશ્રી કૃષ્ણ...

**શરૂઆતનો અંત અને અંતની શરૂઆત,**
**કહો કયા શબ્દોમાં કરીએ અમે રજુઆત.?**
**કોઈને કામમાં આવે એ જ ટકે છે રોટરીમાં,**
**નિઃસ્વાર્થ ભાવે કરવી સેવા એ જ સૌગાત.**

સૌ પ્રથમ તો નવા જોડાયેલા તથા જુના રોટરી મિત્રોનો દિલથી આભાર કે કોરોનાની મહામારીથી જયારે સઘળુ વિશ્વ પીડાઈ રહયું છે, ત્યારે આપસૌ રોટરીના કાર્યક્રમમાં તથા ઝુમ મિટીંગમાં ઉત્સાહભેર જોડાઈ રહયા છો. આ વર્તમાન સમયમાં સૌ શારીરિક, માનસિક અને સઘળી રીતે સહપરિવાર સુખી રહો અને રોટરીના કાર્યમાં જોડાઈ રહો એવી મહેચ્છા.

આપણે જુલાઈ માસમાં તા.૨૬/૦૭/૨૦૨૦, રવિવાર ના રોજ 'કારગીલ વિજય દિવસ' ના શુભદિને જય જવાન નાગરીક સમિતિ પ્રેરીત કલબ દ્વારા લોક સમર્પણ રકતદાન કેન્દ્ર, વરાછા રોડ પર બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરેલ . આ કાર્યક્રમના ચેરમેન તરીકે રો.પ્રફુલ ચોડવડીયા એ ખુબ જહેમત ઉઠાવેલ. આ કાર્યક્રમમાં આરોગ્યમંત્રી શ્રી કિશોરભાઈ કાનાણી, સામાજીક અગ્રણી કાનજીભાઈ ભાલાળા, સવજીભાઈ વેકરીયા, પુર્વ ધારાસભ્ય શ્રી પ્રફુલભાઈ પાનશેરીયા તથા લોક સમર્પણ બ્લડ બેંકના ચેરમેન શ્રી હરીભાઈ કથીરીયા ઉપસ્થિત રહયા હતા. આ બ્લડ ડોનેશન કેમ્પમાં રોટરેકટ કલબ ઓફ સુરત ઈસ્ટની ટીમ ખડેપગે રહી હતી, તેમજ રોટરેકટ કલબ ઓફ કર્ણભુમિ સુરત ઈસ્ટના સભ્યો અને ઈનરવ્હીલ કલબના પ્રમુખ શ્રીમતિ વિણાબેન પટેલ પણ ઉપસ્થિત રહયા હતા. આ બ્લડ ડોનેશન કેમ્પમાં ૧૨૭ જેટલી બોટલ રકત એકત્રીત થયું હતું.

તા. ૨૮/૦૭/૨૦૨૦, મંગળવાર ના રોજ કલબનો ''૨૨મો પદગ્રહણ સમારોહ (ઝુમ મિટીંગ)'' માં યોજાયેલ, જેમાં ઈન્સ્ટોલિંગ ઓફિસર તરીકે રો.સંતોષ પ્રધાન તેમજ મુખ્ય મહેમાન તરીકે યુરો ફ્રેશ ફુડ (ઈન્ડીયા) લિ. ના મેનેજીંગ ડીરેકટર અને સમાજ અગ્રણી, દાતા એવા રો.મનહરભાઈ સાંસપરા ઉપસ્થિત રહયા હતા. ગત કાર્યક્રમની શરૂઆતમાં IPP. કિશોર બલરના ધર્મપત્નિ ગીતાબેન બલરના દુઃખદ અવસાન પર શ્રધ્ધાંજલિ પાઠવેલ ત્યારબાદ શાબ્દીક સ્વાગત સેક્રેટરી રો.રીનેશ ભીમાણીએ કરેલ અને વર્ષ ૨૦૧૯-૨૦ના પોતાના કાર્યકાળના વર્ષનો અહેવાલ આપેલ. વર્ષ દરમિયાન ઘણા જ સમાજલક્ષી કાર્યો કરેલ. ઈન્સ્ટોલેશન બાદ નવા વરાયેલા પ્રમુખ શ્રી ડો.જગદિશ વઘાસિયાએ તમામ પુર્વ પ્રમુખશ્રીઓનો આભાર માનેલ અને આશિર્વાદ મેળવેલ, તથા તેમણે નવી દિશા અને વિવિધ લોકઉપયોગી કાર્યો કરવાની કટીબધ્ધતા સાથે સૌને પ્રભાવિત કર્યા હતા. તેમજ બધાને સાથે લઈ વર્ષ દરમિયાન ગત વર્ષના અધુરા રહેલ પ્રોજેકટને પુરા કરવાની અને નવા પ્રોજેકટ કરવાની ખાતરી આપેલ. ઈન્સ્ટોલિંગ ઓફિસર રો.સંતોષ પ્રધાન એ સમગ્ર ટીમને અભિનંદન પાઠવેલ તેમજ ડિસ્ટ્રીકટમાં કયાંય પણ સહકારની ખાતરી આપેલ. મુખ્ય મહેમાનશ્રી રો.મનહરભાઈ સાંસપરાએ નવી ટીમને શુભેચ્છા પાઠવેલ તેમજ મનમંદિર સ્ટ્રેસ નિવારણ કેન્દ્ર દ્વારા થતા કાર્યની નોંધ લઈ સમગ્ર ટીમને બિરદાવેલ અને જયાં જરૂર પડે ત્યાં સહયોગની ખાતરી આપેલ અને રોટેરીયન મિત્રોનો ઉત્સાહ વધારેલ. ઝુમ કાર્યક્રમ માટેનું સંચાલન રો.રાજેશ વઘાસિયાની ડિવાઈન સ્કુલ પર રો.વિજયભાઈ માંગુકિયાના માર્ગદર્શન પર રોટરેકટર રોહિત પાનસુરીયાની ટીમે  કરેલ. અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન રો.ભાવેશ ગઢીયાએ કરેલ, અને અંતમાં આભારવિધી નવા વરાયેલા સેક્રેટરી રો.કેતન પટેલ એ કરેલ.


UNITY BRANDING - 97276 75000

# ROTARY CLUB OF SURAT EAST

## :: PHOTO GALLERY ::









# બ્લડ ડોનેશન કેમ્પ












UNITY BRANDING - 97276 75000

# ROTARY CLUB OF SURAT EAST

## :: PHOTO GALLERY ::













# ઈન્સ્ટોલેશન સેરેમની











UNITY BRANDING - 97276 75000

# ROTARY CLUB OF SURAT EAST

## :: MEDIA GALLERY ::


રોટરી ક્લબ સુરત ઓફ સુરત ઈસ્ટનો ૨૨મો પદગ્રહણ સમારોહ યોજાયો

સુરત, તા. ૨૮

રોટરી ક્લબ સુરત ઓફ સુરત ઈસ્ટનો આજરોજ ૨૨મો પદગ્રહણ સમારોહ યોજાયો હતો .જેમાં પ્રમુખ તરીકે રો ડો. જગદીશ વઘાસિયા, રેડીયોલોજીસ્ટ, રો કેતન પટેલ, સેક્રેટરી તરીકે તેમજ રો ભરતભાઈ કિકાણી ખજાનચી તરીકે નિમણૂક થયેલ હતી. આ ઉપરાંત બોર્ડની રચના પણ કરેલ આ સમગ્ર પદ ગ્રહણ સમારોહ ઝૂમ મિટિંગમાં યોજાયેલ, જેમાં મુખ્ય મહેમાન તરીકે યુરો ફ્રેશ ફૂડ ઈન્ડિયા લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર મનહરભાઈ સાચપરા તેમજ ઈન્સ્ટોલિંગ ઓફિસર તરીકે રો. સંતોષ પ્રદાન તેમજ પાસ ડિસ્ટ્રિક્ટ ગવર્નર,


રોટરી ક્લબ સુરત ઈસ્ટના પ્રમુખ તરીકે જગદીશ વઘાસિયાની વરણી કરાઈ



સુરત, તા. ૩૦


સંદેશ વિશેષ

કારગીલ દિવસ નિમિત્તે રક્તદાન શિબિરનું આયો...


# Blood donor beats nCov, takes to plasma

TIMES NEWS NETWORK

**Surat:** An avid blood donor, who has donated blood 74 times, on Thursday donated his plasma after recovering from Covid-19 infection. Dr Jagdish Vaghashiya (47), a radiologist, made the donation at the Lok Samarpan Raktadan Kendra (blood bank) at Mini Bazaar in Varachha, which was inaugurated on Thursday.

"I have been donating blood since I was 19-year-old to save life of others. I have already donated blood 74 times. After I got infected with Covid-19, I had made up my mind to donate my plasma once I recovered, which I did today," said Vaghashiya, who studied at Jamnagar medical college.

The Lok Samarpan Raktadan Kendra was inaugurated by the Gujarat BJP chief C R Paatil and junior health minister Kishor Kanani.

"Convalescent plasma therapy is helping Covid-19 patients and I urge patients who have recovered to come forward and donate their plasma," said Kanani.

General Surgeon Dr Amulakh Savani, 61, was also among the plasma donors at the blood bank on Thursday.

TOI

Dr Jagdish Vaghashiya while donating plasma on Thursday


લોકસમર્પણ બ્લડ બેન્ક ખાતે પ્લાઝ્મા સેન્ટર શરૂ, પ્રથમ દિવસે ૧૨ વ્યક્તિઓ દ્વારા પ્લાઝ્માનું દાન


રોટરી ક્લબ ઓફ ઈસ્ટે કેમ્પ...

100 યુનિટ લોહી એકત્ર કર્યુ

સુરત:રોટરી ક્લબ ઓફ સુરત ઈસ્ટ દ્વારા કારગિલ વિ... દિન નિમિત્તે રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આ... હતું. જે અંતર્ગત લોક સમર્પણ રક્તદાન કેંદ્ર ખાતે પ્ર... ડૉ. જગદીશ વઘાસીયા, કેતન પટેલ અને ટીમે રોટરેક્ટ ક્લબના યુવાનોએ મળી 100 યુનિટ રક્ત એકત્ર કર્યું હતું.


કારગિલ વિજય દિવસ નિમિત્તે રક્તદાન કેમ્પનું આયોજન

જય જવાન નાગરિક સમિતિ અને રોટરી ક્લબ ઓફ સુરત ઈસ્ટ દ્વારા આયોજન


દિવ્ય ભાસ્કર સુરત 31-07-2020

આરોગ્યમંત્રીના હસ્તે લોકસમર્પણ બ્લડ બેંક ખાતે પ્લાઝ્મા સેન્ટરનો પ્રારંભ

74 વખત બ્લડ ડોનેટ કરી ચૂકેલા ડૉ. જગદીશ વઘાસીયાએ 75મી વખત પ્લાઝ્માનું દાન કર્યું

સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ દ્વારા બ્લડ બેંક માટે 11 લાખનું દાન કરવામાં આવ્યું

પ્રથમ દિવસે જ 12 ડોનરોનું પ્લાઝ્મા ડોનેટ

# ROTARY CLUB OF SURAT EAST

## About “ROTARY INTERNATIONAL”

Rotary International is an international service organization whose stated purpose is to bring together business and professional leaders in order to provide humanitarian service and to advance goodwill and peace around the world.It is a non-political and non-religious organization open to all. There are over 35,000 member clubs worldwide, with a membership of 1.2 million individuals, known as Rotarians.

## FUNDAMENTAL OF ROTARY

- Motto - service above self
- Formation - 1905 , 115 year ago
- Type - service club
- Headquarter - Evanston, Illinois, United States
- Location - global(over 200 countries)
- Membership - about 1.22 millions
- Publication - the rotarian
- Website - www.rotary.org

રોટરી કલબ ઓફ સુરત ઈસ્ટ પરિવાર તરફથી

॥ ભાવપુર્ણ શ્રધ્ધાંજલી ॥



સ્વ. ગીતાબેન કિશોરભાઈ બલર

### रोटरी जींदगी का सफर

बन न पाया जो मेरा, हमसफर केहना उसे,
मैं आउंगा रोटरीमें दोबारा, लौटकर केहना उसे.

ता उम्र, रोटरीकी राहमें, छांव बनके खडे रहे,
कीस कदर खडीहै रोटरी, ये सफर केहना उसे.

वक्ते रुख्सते न रोक सके हम दिल के आंसु,
दे गये खुशीके लम्हे,दिलमें बसाकर केहना उसे.

पेहले उसे, रोटरीमें बुलवाके रोटरीकी बात करो,
फीर रोटरी में , सेवा का घर बनाकर केहना उसे.

( डो. अमुलख सवाणी)
(वक्ते- रुख्सते=छुटा પડવાનો સમય)



UNITY BRANDING - 97276 75000